HDU-001-019101 Seat No. ________

# M. A. (Sem. I) (CBCS) Examination

**November / December – 2017**

## Gujarati : CCT - 01

***(ભાષા સાહિત્ય કૌશલ)***

*(Old Course)*

**Faculty Code : 001**

**Subject Code : 019101**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) જમણી બાજુના આંકડા પ્રશ્નના ગુણ દર્શાવે છે.

(૨) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.

(૩) બધા પ્રશ્નના ગુણ સરખા છે.

**૧** નીચે આપેલ કાવ્યોમાંથી કોઈપણ **એક**નું રસદર્શન કરાવો. **૧૪**

**કન્યાવિદાય**

સમી સાંજનો ઢોલ ઢબુકતો જાન ઉઘલતી મ્હાલે
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે
પાદર બેસી ફફડી ઉઠતી ઘરચોળાની ભાત
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત
પૈડું સીંચતા રસ્તો આખો કોલાહલમાં ખૂંપે
શૈશવની ચીતરેલી શેરી સૂનકારમાં ડૂબે
જાન વળાવી પાછો વળતાં દીવડો થરથર કંપે
ખડકી પાસે ઊભો રહીને અજવાળાને ઝંખે
સમી સાંજનો ઢોલ ઢબુકતો જાન ઉઘલતી મ્હાલે
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

- અનિલ જોષી

**અથવા**

૧ કાવ્યનું રસદર્શન કરો. ૧૪

જુદી જિંદગી છે મિજાજે મિજાજે
જુદી બંદગી છે નમાજે નમાજે
છે એક જ સમંદર થયું એટલે શું ?
જુદા છે મુસાફર જહાજે જહાજે
ભલે હોય એક જ એ અંતરથી વહેતા,
છે સૂરો જુદેશ રિયાજે રિયાજે
જુદા અર્થ છે શબ્દના બોલવા પર
છે શબ્દો ય જુદા અવાજે અવાજે
જીવન જેમ જુદા છે કાયામાં જુદી
છે મૃત્યુ ય જુદા જનાજે જનાજે
હઠી જાય ઘૂંઘટ, ઢળી જાય ઘૂંઘટ
જૂદી પ્રીત જાગે મલાજે મલાજે
તમે કેમ 'ગાફિલ' હજીયે છો ગાફિલ ?
જુઓ બદલે દુનિયા તકાજે તકાજે.

- મનુભાઈ ત્રિવેદી (ગાફિલ)

૨ નીચેનામાંથી કોઈપણ એક ગદ્યખંડનું સારલેખન કરો. ૧૪

(૧) કવિનું કાર્ય રસિક કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે, અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિ જે વિચારો અને અનુમાનો ઇષ્ટ હોય તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણરૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી, પણ પાત્રો અને વૃતાન્તોનાં એવાં આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિદ્ધાંતોનું કથન કરવા બેસે તો આનંદમય રચનાઓનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.

- રમણભાઈ નીલકંઠ

**અથવા**

(૨) કાર્લાઇલે કહ્યું છે કે શૈલી એ કાંઈ ઝભ્ભો નથી કે ઉતારીને બાજુએ મૂકી શકાય, શૈલી એ તો છે શરીરની ચામડી પ્રત્યેક કલા-કૃતિને એની શૈલી વળગેલી છે. ત્યાંથી ઉતરડીને એને અન્ય કલાકૃતિ માટે ખપમાં ન લઈ શકાય. આજ વિચારણાના માર્ગે આગળ વધતાં આપણે શૈલીના યથાર્થ ખ્યાલ સુધી પહોંચી શકીશું. શરીરની ત્વચા અંદરના રુધિરના અભિસરણને વશ વર્તે છે. ચામડીની શિથિલતા એ રુધિરાભિસરણને આભારી છે. કલાકૃતિના વાગ્દેહની શૈલી મોહક હોય કે અરુચિકર હોય તો તેને માટે પણ વાગ્દેહનું ઉપલું પડ - શબ્દો તે ઉપર જ નહીં પણ તેની પાછળ તેને ઘડનાર તત્વ ઉપર નજર કરવી જોઈએ. મોઢું તો રુધિરનાં અભિસરણોનો પ્રભાવ નહીં, માણસનાં સમગ્ર વ્યકિતત્વની છાપ ઉપસાવે છે, અને તેનાં આત્માની ઝાંખી કરાવી રહે છે. શૈલી પણ તે કલાકૃતિની મુખશ્રી છે.

- ઉમાશંકર જોશી

૩ નીચેના કોઈપણ એક ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

(૧) ભાષા અને સંસ્કૃતિ એકબીજા સાથે એવી તો સંકળાયેલી છે કે એક જાય તો બીજી જાય. ભાષા એ સંસ્કૃતિનું તટસ્થ વાહન નથી. એની સાથે ઓતપ્રોત છે, વણાયેલી છે, એક થયેલી છે. આર્ય સંસ્કૃતિ આર્ય ભાષાઓમાં જ ટકે. પ્રયોગ કરવો હોય તો ગીતાજીનાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો લઈને એનું અંગ્રેજી ભાષાતંર વાંચો, બોલો ! તમારું દિલ એમાં બેઠું ? ભક્તિ જામી ? ધ્યાન લાગ્યું ? સ્થિતપ્રજ્ઞોનાં લક્ષણો તમે ગુજરાતીમાં બોલો અને (સંસ્કૃત આવડે તો સંસ્કૃતમાં) ત્યારે દિલમાં અનેરો આનંદ, શાંતિ, સાત્ત્વિકતાનો અનુભવ કરો છો. અંગ્રેજીમાં વાંચો ત્યારે એવું કશું લાગતું નથી. ભાષાનો પ્રભાવ છે, ભાષાનું જોર છે. તે જે સંસ્કૃતિમાંથી આવી છે એની સાથે એકરૂપ થયેલી હોય છે. માટે એ જો જાય તો એના સંસ્કારો પણ ઘસડીને લઈ જાય. ભાષા ઉપડે તો સામાન લઈ ઉપડે, અને ભાષાનો સામાન એટલે સંસ્કૃતિ.

- ફાધર વાલેસ

**અથવા**

(૨) પ્રેમનો જન્મ પરસ્પરના સમભાવથી થાય છે. સમભાવ પ્રેમનું બીજ છે. એમાંથી જન્મતો પ્રેમ સ્થૂલથી પર છે એ ચાહે થે પરસ્પરના હૃદયનું આકર્ષણ - હૃદયનો વિનિમય - પરસ્પરના હૃદયનું પૂજન ત્યાં સુધી એનું સ્વરૂપ ઊર્ધ્વગામી છે, દૈવી છે, પરસ્પરને પાવન કરનારું છે. પરંતુ સમભાવથી જન્મેલો પરસ્પરના હૃદય ઐકેયને ચાહતો પ્રેમ જ્યારે સ્ત્રી અને પુરૂષ વચ્ચે બંધાય છે. ત્યારે એના સ્વરૂપને સમજવું ખૂબ જ જરૂરી બને છે. એના બે પક્ષ છે. એક સૂક્ષ્મ અને બીજું સ્થૂળ. સૂક્ષ્મ માર્ગે જનાર પ્રત્યેક વ્યક્તિ સામી વ્યક્તિનું પૂજન કરે છે, એને હૃદયમાં સ્થાપે છે, અને પ્રેમના પૂજન દ્વારા પોતાના જીવનને વધુ ઉન્નત બનાવે છે. પરંતુ વ્યક્તિ જ્યારે એને બીજા પક્ષથી-સ્થૂળ પક્ષથી જુએ છે, ત્યારે તે પોતાનો વિનાશ નોતરે છે.

- યોગીન્દ્ર ત્રિપાઠી

૪ છંદનું સ્વરૂપ સમજાવી, છંદના મુખ્ય પ્રકારોની સદૃષ્ટાંત ચર્ચા કરો. **૧૪**

**અથવા**

૪ અલંકાર અર્થ અને વ્યાખ્યા આપી મહત્ત્વ સમજાવો. **૧૪**

૫ ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) **૧૪**

(૧) શબ્દાનુપ્રાસ અને ઉત્પ્રેક્ષા અલંકાર સદૃષ્ટાંત

(૨) મંદાક્રાન્તા અને ચોપાઈ છંદનું બંધારણ ઉદાહરણ આપી સમજાવો

(૩) પ્રૂફરીડિંગનું મહત્ત્વ અને સંજ્ઞાઓ

(૪) જોડણીના મહત્ત્વના નિયમો આપો.